SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# "જાલકા" એક આધુનિક દષ્ટિકોણ

*કુલદિપ શ્રીમાળી*

વિશ્વના સાહિત્યાકાશમાં મહાકાવ્ય અને નાટક અતિપ્રાચીન સાહિત્ય પ્રકાર છે. તેમાં આપણા સાહિત્યમાં જે કેટલાક નવા સાહિત્યપ્રકારો ખીલ્યા તેમાંનો આ નાટક એક પ્રકાર છે. નાટક-પદ્યનાટક આ બંનેનો વિષય જ છે કે પ્રાચીન પૌરાણિક કથાવસ્તુનો પીંડ લઈ સર્જક પોતાના દષ્ટિકોણ પ્રમાણે ફેરફાર કરી મૌલિકતા દર્શાવી કૃતિ રચે છે. એ સુવિદિત ઘટના છે. તેજ પ્રમાણે 'રાઈનો પર્વત નામની નાટ્યકૃતિ ઈ.સ.૧૯૧૩માં રમણભાઈ નીલકંઠે આપી હતી અને તે સમયગાળા પછી ૭૨ વર્ષ ૧૯૮૫માં આપણા આધુનિક સમકાલીન કવિ ચિનુ મોદી આજ પ્લોટ સ્વીકારી 'જાલકા' રચે છે.ત્યારે પ્રશ્ન થાય કે એવી કઇ આંતરિક જરુરીયાત હતી કે લેખકની સર્જકદ્રષ્ટિ આ તરફ ઢળી. તો કહેવું પડશે કે ભારતના રાજકીય ઈતિહાસમાં મુત્સદી વ્યકિત તરીકે ઈન્દિરાગાંધીનું નામ મૂકી શકાય તે દ્રષ્ટિએ તેમને ખ્યાલમાં રાખીને જ જાલકા'નું સર્જન કર્યું છે.

કથાવસ્તુ

ઘટના પ્રસંગો કે કથાવસ્તુ નાટકનું માળખું રચી આપે છે. નાટકની કોઈ કથા હોય છે. તેમાં પ્રસંગો બને છે. તે પ્રસંગો એકબીજા સાથે સારી રીતે સંકળાયેલા હોવા જોઈએ એક પ્રસંગમાંથી બીજો પ્રસંગ સ્વાભાવિક રીતે ફુટતો હોવો જોઈએ. એ કથાવસ્તુમાં કોઈ એક પ્રસંગથી બીજ નંખાય પછી કથાવસ્તુનો વિકાસ થાય ધીમે ધીમે ચરમસીમા આવે પછી એ અંત તરફ ઢળતી જાય અને છેવટે સમાપ્ત થાય 'જાલકા' નાટકનું કથાવસ્તુનું બીજ 'રાઈનો પર્વત' નાટક જેના ઉપરથી લખાયેલું છે. તે લાલજી મણિયારના દુહા ઉપરથી મળે છે. અને દુહા નીચે પાદટીપમાં આપેલી વાર્તા ઉપરથી દુહો છે.

"સાંઈઆંસે સબકુછ હોત હૈ મુજ બંદે સે કછુ નાહિ
રાઈકુ પરબત કરે પરબત બાગે જ માંહી."

જાલકા' આધુનિક નાટ્યસર્જક ચિનુ મોદીનું Traditional સર્જન છે. ભવાઈને દેશી સમાજના નાટકની રૂઢ શૈલીનો સમન્વય સાધીને પરંપરાગત પદ્યપ્રયોગનો પણ યથાતથ નાટ્યોચિત સરસ સભાન વિનિયોગ કરીને પરંપરા સાથે આધુનિકતાવાદી વિદ્રોહી મિજાજની કશોય, વિચ્છેદ સાધ્યા વિના પણ આ મૌલિક નાટક સજર્યું છે. 'જાલકા' પરિપૂર્ણ નાટ્ય કૃતિ છે.

રમણભાઈ નીલકંઠના 'રાઈનો પર્વતની તુલનાએ ચિનુ મોદીનું 'જાલકા' અભિનયક્ષમતા. ઝડપી કાર્યવેગ. સુશ્લિષ્ટતા, નાટ્યોચિત સંઘર્ષ,સુવાદિત સંવિધાનકલા, લાઘવ, એકતા, અભિનયક્ષમ ચોટદાર, સહેજ પણ બીનજરૂરી પાત્રવિસ્તાર વિનાના નાટ્યોચિત સંવાદ, સુદઢ સંકલના આદિ નાટ્યકલાની ટેકનીકને લક્ષમાં એમ અનેક બાબતમાં ચઢિયાતું ઠરે છે.

શ્રી રમણભાઈ નીલકંઠે 'રાઈનો પર્વત જાળ ગુંથનાર જાલકા,રાઈ,પર્વતરાય. લીલાવતી વગેરેના પ્રસંગો ગુંથ્યા અને રાઈને રાજગાદી એવા અન્ય પ્રસંગો ઉમેર્યા. એમાંથી કેટલાક મુખ્યપ્રસંગોનો આધાર શ્રી ચિનુમોદીએ લીધો છે. ફકત લીલાવતી રાઈની કસોટી કરે છે. એ મોટો પ્રસંગ શ્રી ચિનુમોદીનું મૌલિક સર્જન છે. રાઈનો પર્વતમાં પર્વતરાયની વિધવા પુત્રી વીણાવતીના રાઈ સાથેનું મિલન વગેરે પ્રસંગોમાં શ્રી ચિનુમોદીએ ફેરફાર કર્યા છે. અને રાઈનો પર્વતમાં રમણભાઈએ કલ્યાણકામ દુર્ગેશ વગેરે સાથેના સુધારકવાદી વિચારીને પુરસ્કાર કરતા પ્રસગે પડતા મૂક્યા છે.

એ રીતે 'જાલકા'નું કથાવસ્તું મુળ-ભવાઈ વેશ કરતાં મોટું છે. 'રાઈનો પર્વત'ના પ્રમાણમાં નાનુ છતાં સઘન અને વેગભર્યું છે. અને તેની સાથે વેગપૂર્વક ધ્યેય તરફ આગળ વધે છે.

સંઘર્ષ

સંઘર્ષ તો નાટકનો પ્રાણ છે. કહો કે ઓકિસજન છે. સંઘર્ષને કારણે જ નાટક નાટક બને છે.સંઘર્ષ ન હોય તો નાટક આરંભમબંદુથી આગળ જ વધી ન શકે માટે કોઈકે કહ્યું છે કે સંઘર્ષ નહિ તો નાટક નહી સંઘર્ષ જેટલા પ્રમાણમાં વધુ તેટલા પ્રમાણમાં નાટક વધારે જીવંત એ સંઘર્ષ પાત્રગત હોય મનોગત હોય એક જ પાત્રના હ્રદયમાં બે મનોભાવો વચ્ચેનો હોય કે વ્યકિત અને પરિસ્થિતિ વચ્ચેનો હોય આ સઘળા સંવાદોમાં રાજકીય સંઘર્ષ કેન્દ્ર સ્થાને છે. તો રાગ-ત્યાગ શ્રેય-પ્રેય નીતિ અને અનીતિ સત્ય અને અસત્ય સદ-અને અસદ વચ્ચેનો તીવ્ર સંઘર્ષ અહી જીવ સટોસટના સાહસ, દુ:સાહસ અતિ આકરી કસોટીના જે દ્રશ્યો સર્જે છે તે ભાવકને આદિથી અંત સુધી જકડી રાખીને ધાર્યાં લક્ષ્યવેધ કરે છે.

સંકલના

નાટકારને સમય તથા સ્થળની મર્યાદા હોય છે. અને તેને પોતાને જે કહેવાનું છે. બતાવવાનું છે. તે જલદીથી હ્રદયંગમ કલામય રીતે કહેવાનું હોય છે. તેથી તેને પોતાના કથાવસ્તુની સંકલના ચતુરાઈથી કલામય રીતે કરવી પડે છે. બધા પ્રસંગોએ બીજા સાથે સરસ રીતે સંકળાઈ જાય અને કથાવસ્તુનો કોઈ છેડો છૂટો લટકતો રહી ન જાય કે કથાવસ્તુ શિથિલ બની ન જાય અને એનું પોત ફિસ્સું પડી ન જાય તે નાટ્યકારે જોવાનું હોય છે.

'જાલકા'નાટકમાં એ સંકલના સારી રીતે થઈ છે. સૌ પ્રથમ રાઈ તથા જાલકાના મુખ્ય પાત્રોનો પસંગ છે. તેની સાથે શકિતસિંહનું પાત્ર સંકળાય છે. તેના દ્વારા બીજા મુખ્યપાત્ર લીલાવતી અને તેની સાથેના પ્રસંગો ગુંથાય છે. મંજરીનું પાત્ર શકિતસિંહ, જાલકા અને લીલાવતી સાથે પણ સંકળાય છે. તેથી મોહીની જાલકા સાથે સકળાય છે. એ બધા પ્રસંગો 'રાઈનો પર્વત'કરતાં જુદી તરેહના બની રહે છે. તેથી શ્રી મોદી 'જાલકા' નાટકને મૌલિક નાટક કહે છે.

પાત્રચિત્રણ

નાટકમાં ઘટના બને પ્રસંગો બને તો જ નાટક બને અને એ ઘટના પ્રસંગો પાત્રો વિના બની શકે નહી તેથી નાટકમાં પાત્રો ખુબ મહત્વના છે. નવલકથામાં લેખક પાત્રોનું કે પ્રસંગોનું વર્ણન કરી શકે છે.પણ નાટકમાં તો લેખકને જે કહેવું છે તે પાત્રો દ્વારા જ સાધવાનું હોય છે. લેખકેને તે પાત્રો જીવનમાં જડે છે. તેવાં તેજ અંધારાના પૂતળા જેવાં બનાવવા જોઈએ. કોઈ એક પ્રકારના બનાવી દેવાં ન જોઈએ પાત્રોનું વૈવિધ્ય પણ હોવું જોઈએ

૧ જાલકાઃ મહત્વાકાંક્ષી. જાજરમાન, સાધનશુધ્ધિના કશા આગ્રહ વિના રાજકીય પ્રપંચ સડયંત્રમાં રાચતી. મહારાજા કરણસિંહના વિધવા રાજમાતા જાલકા ભલભલા પુરુષોને પાણી પાય તેવી છે.જે નાટકના કેન્દ્ર સ્થાને છે.

૨. રાઈઃ જાલકાપુત્ર રાઈ માતાના વ્યકિતત્વને સામે છેડે રહીને સાધન શુધ્ધિનો આગ્રહી રહીને ધર્મ-નીતિ-સદાચાર વિશુધ્ધ પ્રીતિને સદ-જીવન-રીતીથી સમગ્ર નાટકમાં સદચારિત્ર્યની સુગંધ પ્રસારે છે.

૩. લિલાવતીઃ પર્વતરાય જેવા ઘરડા મુરતિયાને જાણી જોઈને પરણી છે. અને પતિના દેહની નહિ પણ સ્નેહની તરસ છે. લીલાવતી આદિથી અંત સુધી ઉમદા સદગુણી પતિપરાયણ આર્યનારીનો ઉચ્ચોચ્ચ આદર્શ પુરો પાડતી ભાવકોના હૈયાને આદ્ર કરે છે.

૪. પર્વતરાયઃ અતૃપ્ત કાવાસનાથી ગ્રસ્ત, પીડિત પર્વતરાઈને જોબનવંતી નારીને રતિસુખથી તૃપ્ત કરીને પોતાની જાતનેય તૃપ્ત કરવાના કોડ છે. કામાચાર્ય તથા લીલાવતી સાથેના સંવાદોમાં એમની એ વ્યંધ્યતા, લાચારી, વ્યથા, વિહવળતાને કામાંધતાના દર્શન થાય છે.

૫. શકિતસિંહ-મંજરીઃ બેઉ જાલકાએ પસંદ કરેલા એક જ ડાળના પંખીઓ છે. શકિતસિંહ-મંજરી પુરેપુરા તકસાધુ સ્વાર્થી રાજદ્રાકીને અવિશ્વસનીય છે. લોભીને લાંચિયા પક્ષપલટુ, ખંધા,ઘાતકી રાજકારણી છે. ગાદી ઉપર અમને કોઈ અધિકાર નથી છતાં સત્તાને સંપત્તિના લોભ લાલચથી તેનો પર્વતરાયને અને પછી જાલકાને પણ દગો દે છે.

સંવાદ

પાત્રોની માફક સંવાદ પણ નાટકમાં અત્યંત મહત્વનાં હોય છે. નાટકમાં દરેક વસ્તુ સંવાદો દ્વારા સિધ્ધ કરવાનું હોવાથી સંવાદો સબળ હોવા જોઈએ સ્વાભાવિક હોવા જોઈએ પ્રસંગ તથા પાત્રને અનુરૂપ હોવા જોઈએ એ વધારે પડતા લાંબા ન હોવા જોઈએ તેમાં લાંબી

સ્વગતોકિતઓ ન આવવી જોઈએ. ઉ.દા. 'એલાં ડફોળની જાતનાં' જેવી ઉકિત કેવી સ્વાભાવિક બની છે. તેથી જ સાલીની ઉકિત છે. 'મુઆ ઉચ્છેદિયા? તારે રાઈનો વેશ કરવો હોય તો રાઈનો કર ને મેથીનો વેશ કરવો હોય તો મેથીનો કર' જાલકાના સંવાદો પાત્રોચિત્ત છે. તે પાત્રોના મનોગતને વ્યકિતત્વને પ્રગટ કરનારા પણ છે. જાલકાનું મહત્ત્વાકાંક્ષી જાજરમાન રાજસી માનસ ધરાવતું વ્યકિતત્વ એના સંવાદોમાંથી જ સ્ફુટ થાય છે. આમ નાટકમાં કુત્રિમતા, શબ્દાળુતા, અતિમુખરતા, જવાં દોષોને ટાળીને એનો ઉચિત વિનિયોગ સંવાદ-રીતિ વાક-વિલાસ વાક-આડંબર નો અનુભવ કરાવતી નથી

જીવનદર્શન

જીવનમાં રૂઢ સંસ્કાર સંસ્કૃતિનાં શાશ્વત ગુણોમાં આધુનિક બૌધ્ધિક વ્યકિત તરીકે ચિનુ મોદી શ્રધ્ધા ધરાવતા હોય કે ન હોય અહી 'સત્ય મેવ જયતે' 'ખાડો ખોદે તે પડે' ધર્મનો જય' 'પાપનો ક્ષય' 'કરે તેવું પામે' 'આત્મા ઓળખે તે વર' ' બીજા બધા પર' પરણવું એટલે પ્રભુતામાં પગલાં પાડવા' પર સ્ત્રી માત સમાન' જેવાં મનુષ્ય જીવનના રૂઢ, પ્રચલિત યુગોથી સંસ્કારવારસા રૂપે મળેલાં ભલા ઉદાત જીવનમુલ્યોને ધ્વનિત કરતો કવિન્યાય કરતો 'જાલકા"માં મૂર્ત થાય છે.

વાતાવરણ

નાટકમાં વાતાવરણ પણ મહત્વનો ભાગ ભજવે છે. નાટકનું કથાવસ્તું જે સમયનું હોય જે સ્થળનું હોય તેનું જીવંત વાતાવરણ મળવું જોઈએ એ સમયના પાત્રો તેના પોશાક તેમની માન્યતાઓ તેના રીતરિવાજ ભાવનાઓ વિચારી વગેરે એવાં આબેહૂબ હોવાં જોઈએ કે આખું દશ્ય જીવંત થઈ જાય પૌરાણિક નાટક હોય તો એમાં પાત્રો પોશાક એમના વિચારી વગેરે પુરાણા સમયનું આલેખન કરતા હોવા જોઈએ અને અર્વાચીન સમયનું શહેરનું હોય કે ગામડાનું હોય તે પ્રમાણે રચાવું જોઈએ

'જાલકા' નાટકમાં મધ્યકાલીન રાજપુત જમાનાનું વાતાવરણ છે. એમાં પર્વતરાયે જાલકા" ના પતિ રાજા કરણસિંહનું ખૂન કરીને એનું રાજ્ય પડાવી લીધું બાણથી એ વીંધાયેલ પર્વતરાયનું થયેલું મૃત્યુ હતું એ કાયાકલ્પ કરાવવા ભીંયરામાં ગયા છે. એ આખું નગર તથા પ્રધાન અને રાણી જેવી રાણી પણ એ માની લે છે. એમાં એ જમાનાનું વાતાવરણ છે. રચનારીતિ તેમજ તખ્તાલાયકી પણ મહત્વની ભુમિકા ભજવે છે.

ઉપસંહાર

'જાલકા' રંગભુમિનું સફળ નાટક બને એ હેતુંથી લખાયું છે. એટલે જન સમુદાયની કૃતિરૂપે Action Plan તરીકે પ્રા.વિનાયક રાવલે તેને પોંખ્યું છે. લેખક તખ્તાના તંત્રી અને નાટ્યાત્મક પ્રયુકિતના અનુભવી છે. એકંદર ચિનુ મોદીનું આ 'જાલકા' એક સરસ નાટકની તૃપ્તિ કરાવે છે.